:: વેચાણ દસ્તાવેજ ::

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના **મોજે બોરીસણા ગામની સીમના** બ્લોક નંબર-**૧૪૯,૧૫૨,૧૫૩,તથા ૧૫૬ કેજેનોસમાવેશ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્રવારા પાડેલ ટી.પી.સ્કીમ નંબર-૬ (કલોલ-બોરીસણા-સઈજ)માં થાય છે. જેનો ફાયનલ પ્લોટ નંબર-૮૩/૨ આપવામાં આવેલ છે. સદરહુ ફાયનલ પ્લોટના સબ પ્લોટ નંબર-૨ ની ચોરસ મીટર**-૩૩૧૮-૦૦ **આશરાની બીનખેતીની જમીન** ઉપર બાંધવામાં આવેલ ફલેટો તથા દુકાનો જે **" શ્યામ સુંદર "** ના નામથી ઓળખાય છે. તે પૈકી **બ્લોક-......પૈકીમાંનો....... માળનો ફલેટ નંબર-.......**વાળી મીલકતનો વેચાણ લેખ રૂપિયા-**..........,અંકે રૂપિયા..........** પુરાનોઃ-

એક તરફવાળાઃ- વેચાણ આપનારઃ-

મે. યશરાજ ડેવલોપર્સના નામની ભાગીદારી પેઢી
(પાન કાર્ડ નંબર- એએબીએફવાય-૩૩૬૭-એમ.)
તમામ ભાગીદારો વતી તેના વહીવટ કર્તા ભાગીદાર તરીકે
બારોટ વિમલકુમાર વિનોદચંન્દ્ર

ઉ.વ.આ-૪૬, ધર્મે- હિન્દુ, ધંધો- વેપાર ,રહેવાસી-અમદાવાદ, ઠેકાણુ- આઈ.-૨૦૨,અક્ષરધામ એપાર્મેન્ટ, બોડકદેવ,

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એકતરફવાળા વેચાણ આપનાર લખી આપનાર અમો અમારા એ રીતે સંબોધવામાંઆવ્યા છે. જે શબ્દનાઅર્થમાં એકતરફવાળા તથા એકતરફવાલાના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેમના વંશ વાલી વારસો સકસેસરો એસાઈનીઓ એકઝીકયુટરો એડમીનીસ્ટ્રેટરો,ટ્રાન્સફરીઓ,ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

<u>બીજી તરફવાળા:- વેચાણ લેનાર:-</u>

....

(પાન કાર્ડ નંબર- .)

ઉ.આ.વ......., ધર્મે -હિન્દુ, ધંધો-........, રહેવાસી- ....

તાલુકો - ...., જીલ્લો- ....ઠેકાણુ-

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજીતરફવાળા વેચાણ લેનાર લખાવી લેનાર તમો, તમારા એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દનાઅર્થમાં બીજીતરફવાળા તથા બીજીતરફવાલાના વંશ વાલી વારસો સકસેસરો એસાઈનીઓ એકઝીકયુટરો એડમીનીસ્ટ્રેટરો, ટ્રાન્સફરીઓ ,ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

(૧) જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના **મોજે બોરીસણા ગામની સીમના બ્લોક નંબર-૧૪૯,૧૫૨,૧૫૩,તથા ૧૫૬ કેજેનોસમાવેશ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્રવારા પાડેલ ટી.પી.સ્કીમ નંબર-૬ (કલોલ-બોરીસણા-સઈજ)માં થાય છે. જેનો ફાયનલ પ્લોટ નંબર-૮૩/૨ આપવામાં આવેલ છે. સદરહુ ફાયનલ પ્લોટના સબ પ્લોટ નંબર-૨ ની ચોરસ મીટર-૩૩૧૮-૦૦ આશરાની બીનખેતીની જમીન આવેલ છે.**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે બોરીસણા ગામની સીમના બ્લોક નંબર-૧૪૯, હેકટર-૦-૬૯-૮૧, વાળી જમીન ડાહયાભાઈ જીવીદાસ પટેલ, રામાભાઈ શંકરભાઈ પટેલ બળદેવભાઈ નાથાભાઈ પટેલ, અમૃતભાઈ શીવદાસ પટેલ, કીરીટભાઈ ડાહયાભાઈ પટેલના નામે ચાલતી હતી જે જમીનમાંથી રામાભાઈ શંકરભાઈ પટેલએ તેમનો હિસ્સો હેકટર -૦-૨૩-૨૭ વાળી જમીન મે. કલોલના સબ રજીસ્ટ્રાર સાહેબ શ્રીની કચેરી, કલોલના અનુક્રમ નંબર-૧૫૫, તારીખ-૧૦/૦૧/૨૦૧૨ નારોજ રાજેશકુમાર અમૃતલાલ પટેલ(૫૦ ટકાના હિસ્સેદાર)(૨)પ્રિયંક

રૂપેશકુમાર પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) (૩)સરસ્વતીબેન ડાહયાભાઈ પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) નાએ વેચાણ રાખેલ હતી જેની નોધ રેવન્યુ રેકર્ડ-૬૫૯૮ થી પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ બ્લોક નંબર- ૧૫૨ ,હેકટર-૦-૬૮-૮૦ વાળી જમીન બળદેવભાઈ નાથાભાઈ પટેલ,અમૃતભાઈ શીવદાસ પટેલ ડાહયાભાઈ જીવીદાસ પટેલ કિરીટભાઈ ડાહયાભાઈ પટેલ ,રામાભાઈ શંરભાઈ પટેલના નામે ચાલતી હતી જે જમીનમાંથી રામાભાઈ શંકરભાઈ પટેલએ તેમનો હિસ્સો હેકટર- ૦-૩૪-૪૦ વાળી ખેતીની જમીન મે.કલોલના સબ રજીસ્ટ્રાર સાહેબ શ્રીની કચેરી, કલોલના અનુક્રમ નંબર-૧૫૩,તારીખ-૧૦/૦૧/૨૦૧૨ નારોજ રાજેશકુમાર અમૃતલાલ પટેલ(૫૦ ટકાના હિસ્સેદાર)(૨)પ્રિયંક રૂપેશકુમાર પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) (૩)સરસ્વતીબેન ડાહયાભાઈ પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) નાએ વેચાણ રાખેલ હતી જેની નોધ રેવન્યુ રેકર્ડ-૬૫૯૬ થી પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ બ્લોક નંબર- ૧૫૩ ,હેકટર-૦-૩૬-૪૨ વાળી જમીન બળદેવભાઈ નાથાભાઈ પટેલ,અમૃતભાઈ શીવદાસ પટેલ ડાહયાભાઈ જીવીદાસ પટેલ કિરીટભાઈ ડાહયાભાઈ પટેલ ,રામાભાઈ શંરભાઈ પટેલના નામે ચાલતી હતી જે જમીનમાંથી રામાભાઈ શંકરભાઈ પટેલએ તેમનો હિસ્સો હેકટર- ૦-૧૨-૧૪ વાળી ખેતીની જમીન મે.કલોલના સબ રજીસ્ટ્રાર સાહેબ શ્રીની કચેરી, કલોલના અનુક્રમ નંબર-૧૫૬,તારીખ-૧૦/૦૧/૨૦૧૨ નારોજ રાજેશકુમાર અમૃતલાલ પટેલ(૫૦ ટકાના હિસ્સેદાર)(૨)પ્રિયંક રૂપેશકુમાર પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) (૩)સરસ્વતીબેન ડાહયાભાઈ પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) નાએ વેચાણ રાખેલ હતી જેની નોધ રેવન્યુ રેકર્ડ-૬૫૯૭ થી પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ બ્લોક નંબર- ૧૫૬ ,હેકટર-૦-૩૯-૪૬ વાળી

જમીન બળદેવભાઈ નાથાભાઈ પટેલ,અમૃતભાઈ શીવદાસ પટેલ ડાહયાભાઈ જીવીદાસ પટેલ કિરીટભાઈ ડાહયાભાઈ પટેલ ,રામાભાઈ શંરભાઈ પટેલના નામે ચાલતી હતી જે જમીનમાંથી રામાભાઈ શંકરભાઈ પટેલએ તેમનો હિસ્સો હેકટર- ૦-૧૩-૧૫ વાળી ખેતીની જમીન મે.કલોલના સબ રજીસ્ટ્રાર સાહેબ શ્રીની કચેરી, કલોલના અનુક્રમ નંબર-૧૫૯,તારીખ-૧૧/૦૧/૨૦૧૨ નારોજ રાજેશકુમાર અમૃતલાલ પટેલ(૫૦ ટકાના હિસ્સેદાર)(૨)પ્રિયંક રૂપેશકુમાર પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) (૩)સરસ્વતીબેન ડાહયાભાઈ પટેલ (૨૫ ટકાના હિસ્સેદાર) નાએ વેચાણ રાખેલ હતી જેની નોધ રેવન્યુ રેકર્ડ -૬૫૯૯ થી પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર તારીખ-૧૧/૦૧/૨૦૧૨ નારોજ હુકમ નંબર-સી.બી./જમીન/બી.ખે./એસ.આર./૧૫૪/૧૧/વશી/૬૩૪ થી ૬૪૯ /૨૦૧૨ થી રહેણાંક હેતુ માટે બીનખેતીની મંજુરી મળેલ છે

ત્યારબાદ વાણિજય હેતુ માટે રીવાઈઝ બીનખેતીની મંજુરી આપવા માંગણી કરેલ આમ તે રીવીઝન હુકમ આધારે રહેણાંક તથા વાણિજય બીનખેતીના હેતુ માટે જીલ્લા કલેકટર કચેરી ગાંધીનગર તારીખ-૨૨/૧૦/૨૦૧૩ નાહુકમ નંબર-સી.બી./જમીન/ વશી/ ૨૪૭૮૫ થી ૨૪૭૯૭ /૨૦૧૩ થી રહેણાંક તેમજ વાણિજય હેતુ માટે બીનખેતીની મંજુરી મળેલ છે

<u>૭/૧૨ નુ કુલ ક્ષેત્રફળ</u>

બ્લોક નંબર	૭/૧૨ મુજબ હેકટર	સંયુકત ખરીદેલ હેકટર	કુલ એફ.પી. એરીયા	પોષાતો હિસ્સો એફ.પી.એરીયા
૧૪૯	૦-૬૯-૮૧	૦-૨૩-૨૭	૧૮૬૧.૬૦	૯૩૦.૬૦
૧૫૨	૦-૬૮-૮૦	૦-૩૪-૪૦	૨૭૫૨.૦૦	૧૩૭૬.૦૦
૧૫૩	૦-૩૬-૪૨	૦-૧૨-૧૪	૯૭૧.૨૦	૪૮૫.૪૦

૧૫૬	૦-૩૯-૪૬	૦-૧૩-૧૫	૧૦૫૨.૦૦	૫૨૬.૦૦
	....	....	....	....
	૨-૧૪-૪૯	૦-૮૨-૯૬	૬૬૩૬.૮૦	૩૩૧૮.૦૦

ઉપરોક્ત જમીન જેનો સમાવેશ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્રવારા પાડેલ ટી.પી.સ્કીમ નંબર-૬ (કલોલ-બોરીસણા-સઈજ)માં થાય છે. જેનો ફાયનલ પ્લોટ નંબર-૮૩/૨ આપવામાં આવેલ છે.

તે જમીન પૈકી રાજેશકુમાર અમૃતલાલ પટેલ ના નામે ઉપરોક્ત હિસ્સો ૩૩૧૮-૦૦ ચોરસ મીટર બીનખેતીની જમીન જેમાં ૨૮૭૦.૪૯ ચોરસ મીટર રહેણાંક હેતુ માટે અને ૪૪૭.૫૧ ચોરસ મીટર વાણિજ્યના હેતુ માટે આવેલ હતી જે બંન્ને મળી કુલ ૩૩૧૮-૦૦ ચોરસ મીટર જમીન રાજેશકુમાર અમૃતલાલ પટેલના માલીકીની આવેલ હતી અને તેઓની પાસેથી અમો લખીઆપનાર મેસર્સ યશરાજ ડેવલોપર્સના નામની ભાગીદારી પેઢીએ મે.કલોલના સબ રજીસ્ટ્રાર સાહેબ શ્રીની કચેરી, કલોલના અનુક્રમ નબર- ૩૯૭,તારીખ-૨૦/૦૧/૨૦૧૪ નારોજ વેચાણ રાખેલ છે જેની **રેવન્યુ રેકર્ડે નોધ નંબર-......થી પ્રમાણીત થયેલ છે.**

આમ સદરહુ ની બીન ખેતીની જમીનના અમો લખી આપનાર **મેસર્સ યશરાજ ડેવલોપર્સની** સ્વતંત્ર માલીક અને કબજેદાર અને ભોગવટેદાર થયેલા છીએ.

(૨) મજકુર જમીન ઉપર આવેલ ટી.પી સ્કીમ નંબર-૬ ના ફાયનલ પ્લોટ નંબર- ૮૩/૨ ના **સબ પ્લોટ નંબર-૨** ની જમીન ઉપર ફલેટો તથા દુકાનોનું બાંધકામ કરવાના પ્લાન અમોએ તૈયાર કરાવેલા મજકુર જમીન ઉપરના બાંધકામના પ્લાન અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીએ તેના હુકમ નંબર-પી.આર.એમ.૧૨૧/૪/૨૦૧૩/૧૫૨ તારીખ-૨૧/૦૩/૨૦૧૭ થી વિકાસ માટે પરવાનગી (બાંધકામની

પરમીશન) આપેલ જેના મુજબ તેમાં **૧ ૨ ૨ યુનિટ રહેણાંક તથા વાણિજય** માટે બનાવવાની પરવાનગી આપેલ છે.

(૩) મજકુર જમીન ઉપર ફલેટો/ દુકાનો ટાઈપનું બાંધકામ કરવાનુ નકકી કરી અમો વેચાણ આપનારે બાંધકામ કરવાનુ નકકી કરેલુ અને તમો વેચાણલેનારે મજકુર સ્કીમમાં **બ્લોક-.....પૈકીમાંનો ...... માળનો ફલેટ નંબર-.....** વાળી મીલક્ત તમારી પસંદગીથી વેચાણ લેવા નકકી કરેલુ હવે તમોએ નકકી કર્યા મુજબ મજકુર બાંધકામ તમારી સુચના અનુસાર પુરૂ થયેલ હોઈ મજકુરં **બ્લોક-.....પૈકીમાંનો ...... માળનો ફલેટ નંબર-.....** વાળી મીલકત કે જેનુ સંપુર્ણ વર્ણન નીચે પરીશીષ્ઠમાં કરવામાં આવ્યુ છે તે તમોને વેચાણ આપવા તમોને જણાવવાથી મજકુર ફલેટ તથા તેની વરાડે આવતી જમીનના અવેજના **રૂપિયા-..........,અંકે રૂપિયા .... પુરા** નીચે મુજબ ચુકતે વેચાણ અવેજ આપી આ નીચેની વિગતે લઈ મજકુર ફલેટ તથા વરાડે આવતી જમીન તમોને આ દસ્તાવેજમાં જણાવેલ શરતોએ વેચાણ આપી છે. અને સદરહુ ફલેટ તમોએ તમારા એપ્રુવ એન્જીનીયર્સ ને સાથે રાખી જોઈ તપાસેલ છે.તથા તમોને સંપુર્ણ પણે સંતોષ તથા ખાત્રી થયા બાદ તેનો આ વેચાણ દસ્તાવેજ તમારી તરફેણમાં કરી આપ્યો છે અને મજુકર ફલેટનો ખાલી પ્રત્યક્ષ કબજો તમોને સોપેલ છે તેથી હવે મજકુર ફલેટ તથા જમીનના તમો માલીક કબજેદાર તથા ભોગવટેદાર થયા છો તમો વેચાણ લેનારે મજકુર ફલેટનું સંપુર્ણ થયેલ બાંધકામ જોઈ તપાસી તથા મજકુર જમીનના ટાઈટલ પેપર્સ તથા અન્ય તમામ વિગતો મેળવી ફલેટનો ખાલી પ્રત્યક્ષ કબજો મેળવી લીધો છે જેની હવે મજકુર ફલેટ અંગેની તમામ જવાબદારી તમો વેચાણ લેનારની છે અને રહેશે.અને બાંધકામ બાબતે હવે પછીથી તમારે કોઈ વાંધો તકરાર ઉઠાવવાનો નથી.

સદરહુ ફલેટની ઉચ્ચક વેચાણ કિંમત **રૂપિયા-...........,અંકે રૂપિયા ....પુરા** માં વેચાણ આપવાનુ નકકી કરેલ છે

<u>અવેજ મળ્યાની વિગતઃ-</u>

....

રૂપિયા- **અંકે રૂપિયા.........................**

પુરા

એ રીતે **રૂપિયા-..........** **,અંકે રૂપિયા ....પુરા**
સદર **બ્લોક-......પૈકીમાંનો .... માળનો ફલેટ નંબર-.......** ના લીધા છે.

મજકુર ફલેટના બાંધકામના તથા જમીનના અવેજના અમોને ચુકતે હીસાબ પુરેપુરો મળ્યા છે જેની પહોચ અમો કબુલ કરીએ છીએ.

(૪) અમો વેચાણ આપનારે નીચે પરીશીષ્ઠમાં દર્શાવેલ **બ્લોક નંબર-........માં આવેલ ....માળનો ફલેટ નંબર-..........** **જેનો કાર્પેટ એરીયા-......... ચોરસ મીટર તથા બાલ્કની ના ....** **ચોરસ મીટર અને બિલ્ટપ એરીયા ....ચોરસ મીટર** બાંધકામ વાળી તથા વ.વ. વરાડે આવતી **........... ચોરસ મીટર** જમીન વાળી મીલ્કત જમીન વાળી મીલકત તમોને નંદાવે અધાટ વેચાણ આપેલ છે જે પૈકી જમીનની કિંમત અમો વેચાણ આપનારને ચુકતે મળી છે જેથી વેચાણ લેનાર નીચે પરીશીષ્ઠમાં જણાવેલ ફલેટ તથા તેની વરાડે જમીનના સ્વતંત્ર

માલીક કબજેદાર અને હકકદાર થયા છે હવે વેચાણ આપેલ તમામ પ્રકારના ખર્ચ અવેજ સહીત આપવા બંધાયેલા છીએ. મજકુર ફલેટ તથા જમીનના વેચાણ આપનાર હકક હીત સબંધ વેચાણ આપનારે બીજાકોઈને કોઈપણ રીતેગીરો બક્ષીસ કે યા અન્ય કોઈ રીતે લખી આપેલ નથી કે મજકુર ફલેટ તથા જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક હીત સબંધ દર દાવો કે અલાખો નથી મજકુર ફલેટ તથા જમીન કોઈપણ અદાલતના હુકમથી જપ્તી કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી. મજકુર ફલેટ તથા જમીન સંપુર્ણ બોજા રહીત અને ના કરજી છે મજકુર ફલેટ તથા જમીન લીસ્પેન્ડન્સમાં નથી મજકુર ફલેટ તથા જમીન કે તેનો કોઈપણ ભાગ કોઈ યોજના માટે અનામત રાખવામાં આવ્યો નથી. મજકુર ફલેટ તથા જમીન વેચાણ આપવા કોઈ મનાઈ હુકમ નથી મજકુર જમીન એકઝીશનમાં કે રીઝર્વેશનમાં નથી મજકુર ફલેટના બિલ્ડીંગનું ધાબુ દરેક ફલેટના માલીકોએ સહીયારૂ વાપરવાનુ છે. તથા પાર્કીંગ દરેક માલીકનું સહીયારૂ છે.

(૫) મજકુર જમીન ઉપરના બાંધકામના માલીકો કે કબજેદારોએ મજકુર બાંધકામમાં કોમન ઉપયોગ માટે તૈયાર કરવામાં આવેલ કોમન એમેનીટીઝનો સહીયારો ઉપયોગ કરવાનો છે અને તેવી કોમન એમેનીટીઝના મેઈન્ટેનન્સ માટે જરૂરી ફાળો આપવાના છે. સદરહુ મેઈન્ટેનન્સ માટે જો કોઈ સંસ્થાની રચના કરવામાં આવે તો તેના તમો વેચાણ લેનાર સભ્ય થવું તમો માટે ફરજીયાત છે તથા તેવી સંસ્થાના નિયમો તથા ઠરાવો મુજબ તમારે વર્તવાનુ છે તથા સહીયારા ખર્ચ અંગે કોમન ફાળો આપવો પણ ફરીજીયાત છે એ શરતો જ આ વેચાણ કરેલ છે મજકુર ફલેટ તથા જમીન તમો ધારણ કરો ત્યાં સુધી મજકુર સંસ્થાના સભ્ય તરીકે સતત રહેવુ તમો માટે ફરજીયાત છે.

(૬) અમો લખી આપનારએ (૧)સ્કીમમાં ઉપયોગમાં લેવામાં આવતાં યાત્રીક સાધનો જેવા કે બોર, મોટર, પ્રેસર પંપ, ઈલેકટ્રીકટ

ફીટીંગસ સારી ગુણવત્તા વાળા આપેલા છે જેની વખતો વખત અને મરામત કરાવવી (૨) દરેક બિલ્ડીંગમાં સારી કંપનીની ઓ ટો મે ટી ક લીફટ નાખેલી છે અને તેના લાયનાન્સની કોપી સર્વીસ સોસાયટીને સોપેલ છે. દરેક લીફટનો મેન્ટેનન્સ કોન્ટ્રાક દર વર્ષે તે કંપનીને આપી લીફટનુ મેન્ટેનન્સ સારી રીતે કરાવવું (૩) દરેક બિલ્ડીંગમાં ફાયર સેફટીની સુવિધા આપવામાં આવેલ છે અને તેની જરૂરી પરવાનગી ઓ મેળવીને સર્વીસ સોસાયટીને સોપેલ છે. ફાયર સેફટીનું લાયસન્સ વખતો વખત રેન્યુ કરવાનુ તથા તેના સાધનોની જાળવણી તથા મેન્ટેનન્સ કરવાની આમ ઉપરોક્ત નંબર-૧, ૨, અને ૩ ની શરતોનું પાલન કરવાની જવાબદારી તમો વેચાણ રાખનારની સ્કીમના અન્ય સભ્યો સાથે તથા સર્વીસ સોસાયટીની સંયુકત રહેશે ઉપરોક્ત ત્રણે બાબતો માટે ભવિષ્યમાં કોઈપણ યંત્રને થતુ નુકશાન કે તેના લીધે થતો અકસ્માત તે અમો લખીઆપનાર દ્રવારા કરવામાં આવતુ નુકશાન કે અકસ્માત નથી તેથી તે અંગે અમો લખી આપનાર કે અમારા વંશ વાલી વારસોની સામે કોઈપણ પ્રકારની ફરીયાદ કરી શકશે નહી જેની તમો વેચાણ રાખનાર પાકી ખાત્રી આપો છો.

(૭) સદર મીલકતને ધરતીકંપ, વાવાઝોડુ, કોમી રમખાણ, કુદરતી આફતોથી કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની તમામ જવાબદારી તમો વેચાણ લેનારની રહેશે તેમાં અમો લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહી. તમો વેચાણ લેનારએ સદરહુ મીલકતની જાળવણી તેમજ સાચવણી કરવા સારૂ ઈસ્યુરન્સ લેવાનો રહેશે.

(૮) સદરર મીલકતમાં મંજુર થયેલ પ્લાનમુજબ બાંધકામ કરવામાં આવેલ તેથી તમો વેચાણ લેનારએ બાંધકામમાં કોઈ ફેરફાર કરવાનો નથી. તથા સ્કીમના બહારના એલીવેશનમાં તમો વેચાણ લેનારે કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી

(૯) અમો લખીઆપનારએ તમો લખાવી લેનારને આજરોજ

સદરહુ મીલકત અંગેના તમામ લીગલ ડોકયુમેન્ટોની ઝેરોક્ષની નકલો સોપેલ છે.

(૧૦) સદરહુ યોજનામાં જયાં સુધી વ્યકિતગત યુનિટોનું એસેસમેન્ટ ના થાય ત્યાં સુધી ભરવાના ટેક્ષો ,બીલ,જેવા કે ઈલેકટ્રીક સીટી કંપનીના ગર્વમેન્ટ ઓથોરીટીના સ્થાનિક સંસ્થાના નગરપાલિકાના ટેક્ષો લાગા વિગેરે પાણી વેરો,તેમજ વહિવટી ખર્ચ ફંડ ફાળા ભરણાં ઈત્યાદી તમામ એકતરફવાળા નકકી કરે તે મુજબ તમો લખાવી લેનારએ વરાડે ભરવાના રહેશે.

(૧૧) સદરહું યોજનાના મંજુર થયેલ પ્લાન તથા સદર યોજનામાં વપરાયેલ મટીરીયલ સાધન સામગ્રી માલ સામાન બાંધકામની ગુણવત્તા કાર્ય કુશળતા તેમજ બાંધવામાં આવેલ યુનીટના માપ સાઈઝ ક્ષેત્રફળ તેમજ સદર યોજનામાં પુરી પાડવામાં આવેલ તમામ સહીયારી સુવિધાઓ પાર્કીંગ,એમેનીટીઝ વિગેરે તમામ બાબતોની સઘન તપાસણી લખાવી લેનારએ જાતે તથા લખાવી લેનારએ પોતાના જાણકાર અનુભવી તથા નિષ્ણાંત વ્યકિત આકીટેક એન્જીનીયર અગર સંસ્થા મારફત કરી કરાવી જોઈ તપાસી સમજી લીધેલ છે.જે લખાવી લેનારને બરાબર માલુમ પડેલ છે જે લખાવી લેનાર કબુલ કરીએ છીએ.તે રીતેની તમામ બાબતો અંગે લખાવી લેનાર એકતરફવાળાએ સંપુર્ણ સંતોષ થયેલ હોઈ તેમજ હવે પછી ભવિષ્યમાં તે અંગે કયારેય પણ લખાવી લેનારએ તથા લખાવી લેનારના વંશ વાલી વારસોએ વાંધો તકરાર ફરીયાદ કે કોર્ટ કાર્યવાહી કરવા કરાવવાની નથી કે લખાવી લેનારએ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ પણ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવા કરાવવાની નથી લખાવી લેનાર ભવિષ્યમાં કોઈપણ જાતની તકરાર કે વાંધો કે અરજીઓ કે ફરીયાદો કરી કરાવી શકશે નહી અને જો લખાવી લેનાર આવું કાંઈ કરીએ કરાવીએ તો તે આથી રદ્દ બાતલ ગણવાનું છે અને રહેશે.તેવું જાહેર કરીએ છીએ.

(૧૨) તમો વેચાણ લેનાર જાણો છો કે ઉપરા ઉપરી બાંધેલ

ફલેટોના બિલ્ડીંગમાં સંડાસ ,બાથરૂમ,કીચન વિગેરેની જગ્યામાંથી પાણી ચુવે છે. અને નીચે કે પડોશની જગ્યામાં જાય છે તેનાથી નુકશાન થવાનો સંભવ છે. પાણી જે સહેલાઈથી છટકે અને વહે તેવો પ્રવાહી પદાર્થ છે.તે ગમે તેટલા પગલાં લેવામાં આવે તો પણ પાઈપના સાંધામાંથી તથા ટાઈટલ્સના સાંધામાંથી ચુવે છે. આવુ લીકેજ બાંધકામની સારી ગુણવત્તા હોય તા પણ સંભવી શકે છે.જેવાં કે ટાઈલ્સ ધોવા માટે એસીડનો વધારે પડતો ઉપીયોગ ,વોશીંગ મશીનની ધ્રુજારી ,ગરમ તથા સખત પાણી રફ ઉપીયોગ વિગેરે કારણસર થઈ શકે વેચાણ લેનાર તે લીકેજ માટે વેચાણ આપનારને જવાબદાર ગણશે નહી કે વેચાણ આપનાર તે માટે કોઈપણ પ્રકારે જવાબદાર બનશે નહી.

(૧૩) સદરહુ ફલેટના બારી-બારણાં લાકડા તથા લોખંડ તથા એલ્યુમીનીયમથી બનાવેલા છે. લાંકડુ ચોમાસામાં ભેજને કારણે ફુલે છે તે બાબત કુદરતી અને સામાન્ય છે. તેવે વખતે બારી-બારણાં વાખતાં તકલીફ થાય તે પણ સ્વભાવીક છે. તે ચોમાસામા બગડે તેવો સંભવ છે. આમ તેવી તકલીફ બાબતે તમો વેચાણ લેનારે ભવિષ્યમાં કોઈ ફરીયાદ વેચાણ આપનાર સામે કરવાની નથી વેચાણ આપનાર તે માટે જવાબદાર બનશે નહી. તેમાં તમો વેચાણ લેનારની સમંતી છે.

(૧૪) ભવિષ્યમાં બિલ્ડીંગમાં પુરી પાડવામાં આવેલી અથવા ભવિષ્યની જરૂરી સામાન્ય સુવિધાઓ જેવી કે પાણીની સુવિધા,સફાઈની સુવિધા,કાયમી પેસેજમાં મુકેલી લાઈટની સુવિધા બળતણ ખર્ચ બિલ્ડીંગનું મેઈન્ટેનન્સ જુદી જુદી પાઈપોનું મેઈન્ટેનન્સ કોમન લાઈટ કનેકશનનું મેઈન્ટેનન્સ અન્ડર ગ્રાઉન્ડ, ઓવરહેડ,ટાંકીનું મેઈન્ટેનન્સ બોરનુ મેઈન્ટેનન્સ ઈલેકટ્રીક મોટરનુ મેઈન્ટેનન્સ ,સીડીનું મેઈન્ટેનન્સ ,વિગેરે સારૂ તમો વેચાણ લેનારે હવે પછી ઉચ્ચક જે રકમ નકકી થાય તે વેચાણ આપનારને ચુકવી આપવાની છે. અને વેચાણ આપનારે તે રકમના વ્યાજ અને મુદ્દલમાંથી આવો ખર્ચ હાલમાં ટેમ્પરરી

રીતે કરવાનો છે. પછી બચેલી રકમ રચનાર સોસાયટી/એસોસીએશન / સંસ્થામાં જમા કરાવવાની છે. ભવિષ્યમાં સોસાયટી/એસોસીએશન / સંસ્થાને તેવી કે તે અંગેની વધારાની રકમ ચુકવવા તમો વેચાણ લેનાર બંધાએલા છો જો તમો વેચાણ લેનાર તેમાં કસુર કરશો તો તે સોસાયટી/ એસોસીએશન /સંસ્થા તમો વેચાણ લેનારને કોમન સુવિધાઓનો વપરાશ કર્તા અટકાવી શકશે.

(૧૫) આજ પછી જો કોઈ કાયદાકીય ફેરફાર થાય અને તેના પરિણામે કોઈ વધુ વેરા, ટેક્ષ કે ફી માં અથવા સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં ભરવાના થાય તો તે તમામ ખર્ચ ફલેટોના ખરીદનારાઓએ વરાડે પડતાં હિસ્સે ભોગવવાનો રહેશે તેવી રકમ ચુકવવા વેચાણ લેનાર બંધાએલા છે.

(૧૬) વેચાણ લેનાર સદરહુ ફલેટના બહારના દેખાવનો કોઈપણ ભાગ તોડશે તોડાવશે નહી કે તેમાં કોઈપણ સ્વરૂપનો વધારો કે ફેરફાર કરશે નહી ઉપરાંન્તમાં બિલ્ડીંગની માર્જીનની જમીનમાં કે પાર્કીગમાં કે કોરીડોરમાં કે ફોઈલમાં કે એપ્રોચમાં કોઈપણ પ્રકારનુ કાચુ કે પાકું બાંધકામ કે એનક્રોચમેન્ટ વેચાણ લેનાર કરશે નહી તેમજ સમગ્ર બિલ્ડીંગ ની બહારની બાજુએ જે કલર કામ કરવામાં આવે તેમાં કોઈ ફેરફાર કરશે નહી તેમજ યુનિટમાં કોઈ નાના મોટા બારી કે બકોરા પાડી શકશે નહી તથા સ્ટ્રકચરને ડેમેજ થાય તેવું કાંઈ કરશે નહી

(૧૭) સદરહુ જમીનમાં બાંધેલ સ્કીમ જે **“ શ્યામ સુંદર ”** નામે ઓળખાશે અને તેમાં ફેરફાર કરવાનો તમો કે બીજા કોઈ ફલેટ ના માલીકોને હકક નથી.

(૧૮) વેચાણ આપનાર તથા વેચાણ આપનારના વંશ વાલી વારસો તરફથી અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે મજકુર ફલેટ તથા જમીન સબંધમાં અમો વેચાણ આપનારે કોઈપણ પ્રકારના હાની કર્તા કૃત્યો કર્યા નથી

અથવા જાણી જોઈને મજકુર ફલેટ તથા તેની જમીનના ટાઈટલ્સ ને વીપરીત અસર થાય તેવા કોઈ કૃત્યો કર્યા નથી મજકુર ફલેટ તથા જમીનના વેચાણ લેનારના કબજા ભોગવટામાં અમો વેચાણ આપનાર કે વેચાણ આપનારના વંશ વાલી વારસો ઈત્યાદી કોઈપણ રીતે હરકત હેલો કે અંતરાય કરશે નહી અને કરે તો તેને લીધે વેચાણ લેનારને થતાં તમામ પ્રકારના ખર્ચ અવેજ સહીત આપવા બંધાયેલા છીએ. મજકુર ફલેટ તથા જમીનના વેચાણ આપનાર હકક હીત સબંધ વેચાણ આપનારે બીજાકોઈને કોઈપણ રીતેગીરો બક્ષીસ કે યા અન્ય કોઈ રીતે લખી આપેલ નથી કે મજકુર ફલેટ તથા જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક હીત સબંધ દર દાવો કે અલાખો નથી મજકુર ફલેટ તથા જમીન કોઈપણ અદાલતના હુકમથી જપ્તી કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી. મજકુર ફલેટ તથા જમીન સંપુર્ણ બોજા રહીત અને ના કરજી છે મજકુર ફલેટ તથા જમીન લીસ્પેન્ડન્સમાં નથી મજકુર ફલેટ તથા જમીન કે તેનો કોઈપણ ભાગ કોઈ યોજના માટે અનામત રાખવામાં આવ્યો નથી. મજકુર ફલેટ તથા જમીન વેચાણ આપવા કોઈ મનાઈ હુકમ નથી મજકુર જમીન એકઝીશનમાં કે રીઝર્વેશનમાં નથી મજકુર ફલેટના બિલ્ડીંગનું ધાબુ દરેક ફલેટના માલીકોએ સહીયારૂ વાપરવાનુ છે. તથા પાર્કીગ દરેક માલીકનું સહીયારૂ છે.

(૧૮) તમો લખાવી લેનાર તરફથી સદરહુ મીલકતનો કોઈપણ પ્રકારએ ચેન્જ ઓફ યુઝ કરવામાં આવશે તો તે અંગેની કોઈ જવાબદારી અમો લખી આપનારની રહેશે નહી સદરહુ મીલકત અગર સદર યોજનામાં કુદરતી આપતી જેવી કે ધરતીકંપ,પાણી પુર,પ્રકોપ આગથી કે અન્ય કોઈપણ રીતે કોઈપણ રીતે કોઈપણ જાતનું નુકશાન થાય તો તે અંગેની કોઈપણ જાતની જવાબદારી અમો લખી આપનાર ની રહેશે નહી તેવી સઘળી તમામ જવાબદારી તમો લખાવી લેનાર ની રહેશે આવી કુદરતી આપત્તી જેવી કે ધરતીકંપ પાણી પુર પ્રકોપથી કે

અન્ય કોઈ પણ રીતે સદરહુ મીલકત અગર સ્કીમમાં નુકશાન ન થાય તે માટે તમો લખાવી લેનારએ શકય હોય અથવા જરૂરી હોય તેવા સલામતી સાવચેતી અને ઈન્સ્યોરન્સ વિગેરે તમામ તમો લખાવી લેનારએ લેવાના રહેશે તેમાજ ડ્રેનેજ લાઈન તથા અન્ય સમારકામ દરેક સભ્યોએ સાથે માળીને મેઈન્ટેન કરવાનું રહેશે.

(૨૦) મજકુર ફલેટ અંગેની જમીન વણ વહેચાયેલ છે જેથી તેની કકડાવાર વહેચણી કરવાનો કે તે રીતે માંગણી કરવાનો તમોને કોઈ હકક આપવામાં આવ્યો નથી સદરહુ જમીનમાં આવેલ તમામ ફલેટના માલીકો, કબજેદારોના ઉપયોગ માટે પાણીનો બોર પંપ તથા પાઈપ લાઈનની વ્યવસ્થા કરી છે તથા રસ્તાઓ બનાવવામાં આવ્યા છે તથા રસ્તાઓ ઉપર સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી છે. તથા જરૂર પડે ગાર્ડ, સિકયોરીટી રાખવાના છે તથા બીજો સ્ટાફ જરૂરીયાત મુજબ રાખવાનો છે. આ તમામ કોમન એમેનીટીઝનો સહીયારો ઉપયોગ કરવાનો તમોને હકક આપવામાં આવ્યો છે. આ તમામના મેઈન્ટેનન્સ માટે કોઈ સંસ્થાની રચના કરવામાં આવે ત્યાં સુધી એકતરફવાલા અને સંસ્થાની રચના થાય ત્યારે તેવી સંસ્થા કોઈ ફાળાની જે માંગણી કરે તે આપવી તમો માટે ફરીજીયાત છે તથા થનાર સંસ્થાની સુચના પ્રમાણે વર્તન કરવાનુ ફરીજીયાત છે આ તમામના મેઈન્ટેનન્સ માટે તમોએ કોમન ફાળો આપવો પણ ફરજીયાત છે જો તેમ કરવામાં તમો કસુર કરો તો તમો પાસે તેવી મેઈન્ટેનન્સની રકમ વસુલ કરવા આવી સંસ્થા કે તેના સભ્યો કે એકતરફવાળા વાળા હકકદાર રહેશે અગર તેવી ફેસીલીટી આપવાની બંધ કરવા હકકદાર રહેશે સદરહુ જમીનમાં મુકવામાં આવેલ રસ્તા ઓમાંથી પાણી, ડ્રેનેજ, ઈલેકટ્રીક કેબલ વિગેરેની લાઈનો લઈ જવાનો તમોને હકક છે પરંન્તુ આવી રીતે ઉપયોગ કર્યા બાદ તેને મુળ સ્થિતીમાં યોગ્ય વપરાશ થઈ શકે તેવી સ્થીતીમાં તમોએ તમારે ખર્ચે રસ્તાઓ સરખાં કરાવવાના રહેશે અને આ શરતો તમોને કબુલ હોવાથી

જ આ વેચાણ દસ્તાવેજ કરી આપ્યો છે.

(૨૧) સદરહુ સમગ્ર જમીનના ટાઈટલ ચોખખા અને માર્કેટેબલ અને કોઈપણ પ્રકારના બોજા વગરના હોવા અંગેનું ટાઈટલ્સ કલીયર સર્ટીફીકેટ એડવોકટ શ્રી..................તારીખ-.............. નારોજનું મેળવેલ છે. જે તમો લખાવી લેનારે જોઈ તપાસી લીધેલ છે. અને તેનાથી તમો લખાવી લેનારને સંતોષ છે. જે તમો લખાવી લેનારને બંધનકર્તા રહેશે.

(૨૨) સદરહુ જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમના વેચાણ દસ્તાવેજ કરવા માટે યશ રાજ ડેવલોપર્સના તમામ ભાગીદારો એક સાથે એક સમયે વારંવાર હાજર રહી શકે તેમ ન હોઈ બારોટ વિમલકુમાર વિનોદચંન્દ્રને તારીખ-..........નારોજ એક સમંતી પત્રક લખી આપેલ છે. જે સમંતી પત્રક આધારે કરેલ તમામ વેચાણ દસ્તાવેજો યશરાજ ડેવલોપર્સ ના તમામ ભાગીદારોએ જાતે હાજર રહી કરેલ છે. તેમજ અમોને કબુલ મંજુર છે અને રહેશે.

(૨૩) સદરહુ બિલ્ડીંગને પાંચ વર્ષમાં જો કોઈ મોટુ નુકશાન તથા સ્ટ્રકચરમાં ફેરફાર /નુકશાન થાય ત્યારે તે અંગેની જવાબદારી લખી આપનારની (પ્રમોટર/ભાગીદારની)રહેશે.

(૨૪) અમો લખી આપનારએ સદરહુ સ્કીમ અંગે સક્ષમ ઓથોરીટી પાસેથી બી.યુ.પરમીશન મેળવીને તમો લખાવી લેનારને દીન-૭ માં જાણ કરી સદરહુ મીલકતની બાકીની રકમ નોટીસ મલ્યાના પંદર દિવસમાં ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી કબજો મેળવી લેવા જણાવીશુ અને તે અનુસાર તમો લખાવી લેનારને અમો લખી આપનાર કબજો સોપીશુ તેમ છતાં તમો લખાવી લેનાર નકકી કરેલી રકમ ચુકવવામાં કસુર કરો તો તમો લખાવી લેનારએ લખી આપનારને અથવા સદર સ્કીમને મેન્ટેઈન ઓથોરીટી દ્રવારા નકકી કરવામાં મેન્ટેનન્સ

ચુકવવાનો રહેશે. રેરા કાયદાની જોગવાઈ અન્વયે બી.યુ.આવ્યાથી વધુમાં વધુ ત્રણ માસની અંદર તમોએ વેચાણ દસ્તાવેજ કરાવી લેવાનોરહેશે. તેમ કરવામાં કસુર કરશો તો આકરારનો ભંગ થયેલો ગણાશે

(૨૫) નીચે પરીશીષ્ઠમાં જણાવેલ મજકુર મીલકતના આજદીન સુધીના તમામ પ્રકારના ટેક્ષ જમીન મહેસુલ વિગેરે અમોએ ભરેલ છે. અને તે જમીન અંગે હવે પછી થી જે કોઈ ટેક્ષ,કે જમીનમહેસુલ વિગેરે ભરવાના આવે તે તથા ઈલેકટ્રીક બર્નીગ આવે તે તમામ તમો લખાવી લેનારે ભરવાના છે.

(૨૬) નીચે પરીશીષ્ઠમાં જણાવેલ મીલકત સરકારી રેકર્ડમાં તમોએ તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવાની છે અને તેમાં જયાં જયાં અમારી સહીઓ, જવાબો,ની જરૂર પડશે ત્યાં ત્યાં અમો આપીશુ પરંન્તુ તે અંગેનો ખર્ચ તમો લખાવી લેનારે ભોગવવાનો છે.

(૨૭) નીચે પરીશીષ્ઠમાં જણાવેલ મીલકત ઉપર આજ પહેલાનો કોઈનો કોઈપણ પ્રકારના લેણા વિગેરેનો બોજો યા લાગભાગ કે હકક હિસ્સો નથી મજકુર મીલકત એકવીઝીશનમાં નથી કે મજકુર મીલકત ટ્રાન્સફર કરવાકોઈ મનાઈ હુકમ નથી તેવો તમામ બાબતોનો અમોએ પાકો વિશ્વાસ અને ભરોસો આપીને આ વેચાણ દસ્તાવેજ અમારી રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી કરી આપેલ છે.

(૨૮) આ વેચાણ દસ્તાવેજનું તમામ ખર્ચ જેવુ કે સ્ટેમ્પ ડયુટી,રજીસ્ટ્રેશન ફી ,વકીલ ફી,ટાઈપીંગ ફી ,જી.એસ.ટી. ટેકસ,સરકારી કે અર્ધ સરકારી સંસ્થાનો કોઈપણ પ્રકારનો ટેકસ વિગેરે તમામ ખર્ચ લખાવી લેનારે ભોગવવાનું રહેશે

<u>-: પરીશીષ્ઠ:-</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના **મોજે બોરીસણા ગામની સીમના બ્લોક નંબર-૧૪૯,૧૫૨,૧૫૩,તથા ૧૫૬ કે જેનો સમાવેશ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્રવારા પાડેલ ટી.પી.સ્કીમ નંબર-૬ (કલોલ-બોરીસણા-સઈજ)માં થાય છે. જેનો ફાયનલ પ્લોટ નંબર-૮૩/૨ આપવામાં આવેલ છે. સદરહુ ફાયનલ પ્લોટના સબ પ્લોટ નંબર-૨ ની ચોરસ મીટર-૩૧૧૮-૦૦ આશરાની બીનખેતીની જમીન** ઉપર બાંધવામાં આવેલ ફલેટો તથા દુકાનો જે **" શ્યામ સુંદર "** ના નામથી ઓળખાય છે. તેમાં વાણિજય હેતુ સારૂ દુકાનો તથા રહેણાંક અંગેના ફલેટો બનાવવામાં આવેલ તે પૈકી **બ્લોક નંબર-........માં આવેલ ....માળનો ફલેટ નંબર-.......... જેનો કાર્પેટ એરીયા-......... ચોરસ મીટર તથા બાલ્કની ના .... ચોરસ મીટર અને બિલ્ટપ એરીયા ....ચોરસ મીટર** બાંધકામ વાળી તથા વ.વ. વરાડે આવતી .... **ચોરસ મીટર** જમીન વાળી મીલ્કત અમોએ તમોને સદર લેખથી વેચાણ આપેલ છે.

<u>સદર બ્લોક-......પૈકીમાંનો..... માળનો ફલેટ નંબર-..... ના ખુંટ:-</u>

પુર્વે:-

પશ્ચિમે:-

ઉત્તરે:-

દક્ષિણે :-

એ રીતે ચાર ખુંટ વચલી મીલ્કત તમોને વેચાણ આપી છે.

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ અમોએ વાંચી સમજી અકકલ હોશીયરીથી તનમનના સાવધાનપણામાં કોઈપણ જાતના

દબાણ વિના કર્યો છે તે આપણ બંન્નેને કબુલ મંજુર અને બંધનકર્તા છે તે સહી.

આજ તારીખ- ના દીને કલોલ મુકામે

એક તરફવાલાઃ- વેચાણ આપનારઃ-

મે. યશરાજ ડેવલોપર્સના નામની
ભાગીદારી પેઢી તમામ ભાગીદારો
વતી તેના વહીવટ કર્તા ભાગીદાર તરીકે
બારોટ વિમલકુમાર વિનોદચંન્દ્ર

....

બારોટ વિમલકુમાર વિનોદચંન્દ્ર

સાક્ષી.

૧.........................

૨.........................

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ની કલમ ૩૨(અ) મુજબનું પરિશિષ્ઠ

એક તરફવાલાઃ- વેચાણ આપનારઃ-

મે. યશરાજ ડેવલોપર્સના નામની
ભાગીદારી પેઢી તમામ ભાગીદારો
વતી તેના વહીવટ કર્તા ભાગીદાર તરીકે
બારોટ વિમલકુમાર વિનોદચંન્દ્ર

....

બારોટ વિમલકુમાર વિનોદચંન્દ્ર

બીજી તરફવાલાઃ- વેચાણ લેનારઃ-

મીલકતના ઓળખ માટેનો ફોટોગ્રાફ

મીલકતના પોસ્ટલનું સરનામુઃ- ફલેટ નંબર- શ્યામ સુંદર રેસીડેન્સી
બોરીસણા તા.કલોલ,જી.ગાંધીનગર

વેચાણ આપનાર ....

વેચાણ રાખનાર:- ....

મીલકતના ઓળખ માટેનો ફોટોગ્રાફ

મીલકતના પોસ્ટલનું સરનામુઃ- ફલેટ નંબર- શ્યામ સુંદર રેસીડેન્સી
બોરીસણા તા.કલોલ,જી.ગાંધીનગર

વેચાણ આપનાર ....

વેચાણ રાખનારઃ- ....